| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|


**તા.૧૦/૦૮/૨૦૨૩ ગુરૂવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૦૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૩ કેસ કરી, ૫૫ વ્યક્તિઓને ઝડપી, ૭૦૧ લીટર દેશી દારૂ, ૧૦૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન, ૧ કાર, ૧ રિક્ષા અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૮ વ્યક્તિઓની અટકાયત કરી રોકડ રૂપિયા ૧૩,૮૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૦૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૩૦૪/૨૦૨૩

**સોલા હાઈકોર્ટઃ** યોગેશકુમાર ઈશ્વરભાઈ પટેલ (ઉ.વ.૫૧) (રહે.એન.આર.આઈ પાર્ક હાર્મોની હોમ્સ-૪ પાસે ગાર્ડન વ્યુ સામે સોલા) એ તા.૦૯/૦૮/૨૦૨૩ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૧૨/૨૦૨૨ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી કૃતિ પાવરના પ્રોજેકટ પ્રા.લી કંપનીના ડાયરેકટર (૧) અમોલ વ્રજલાલ ઠક્કર (૨) નયન પટેલ અને (૩) પુજા હમીરભાઈ કાંમબરીયા (તમામ ઠે. ઓફીસ સી-૭૦૨ સીગ્નેચર-૨ સરખેજ સાણંદ ક્રોસ રોડ સરખેજ) એ ભેગા મળી યોગેશકુમાર પટેલ પાસેથી (૧) ટાટા બોક્ષ કિમત રૂપિયા ૮૫,૧૫,૪૫૮/- નો ઓર્ડર આપી માલ મેળવી લઈ તે પૈકી બાકી નિકળતા રૂપિયા ૮,૬૧,૫૮૧/- નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી એ.જે.સાધુ ચલાવે છે.

**ઘરફોડ:-** **સમાચાર યાદી નં.૧૩૦૫/૨૦૨૩**

**વેજલપુરઃ** શબાહતબાનુ વા/ઓ અબ્દુલખાલીદ ઉર્ફે સરફરાજ શફીમોહમદ શેખ (રહે. અર્ષીન એવન્યુ એસ.એફ.સ્કુલની બાજુમાં કેનાલ પાછળ ફતેવાડી) એ તા.૦૯/૦૮/૨૦૨૩ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૮/૨૦૨૩ સવારના ૧૦/૩૦ થી બપોરના ૧/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનનો દરવાજો ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૩,૭૬,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.બી.રાજવી ચલાવે છે.

**લુંટની ફરીયાદ:-** **સમાચાર યાદી નં.૧૩૦૬/૨૦૨૩**

**નરોડાઃ** કલ્પેશભાઈ ભુપેન્દ્રભાઈ જાની (ઉ.વ.૪૬) (રહે. અશ્વમેઘ સોસાયટી ગાયત્રી વિદ્યાલયની બાજુમાં નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૮/૨૦૨૩ સાંજના ૫/૧૫ વાગ્યાના સુમારે નરોડા ખારીકટ-૧ કેનાલની પાસે મધુવન સોસાયટી સામે બહુચર ટ્રેડર્સ કે.સી.૧ નજીક અમુલ પાર્લર ખાતે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષોએ કલ્પેશભાઈ જાનીના પુત્ર સાથે બોલાચાલી કરી હાથની આંગળી ઉપર છરો મારી ઈજા કરી પાર્લરના ડ્રોવરમાંથી આશરે રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- લુંટ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ટી.દેસાઇ ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયો:-** **સમાચાર યાદી નં.૧૩૦૭/૨૦૨૩**

**વસ્ત્રાપુરઃ** ફાલ્ગુનીબહેન વા/ઓ અંકુરકુમાર મેહતા (ઉ.વ.૪૭) (રહે. સુયષ બંગ્લોઝ મહારાજા અગ્રસેન વિદ્યાલય સામે ગુરૂકુળ રોડ) તા.૦૧/૦૮/૨૦૨૩ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે થલતેજ સારથી બંગ્લોઝ-૧ સામેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ પુરૂષ ફાલ્ગુનીબહેન મેહતાના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ ફાલ્ગુનીબહેન મેહતાએ તા.૦૯/૦૮/૨૦૨૩ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે.આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જે.દેસાઇ ચલાવે છે.

**ત્યજી દીધેલ ભૃણ મળી આવવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૧૩૦૮/૨૦૨૩**

**પાલડીઃ** તા.૦૯/૦૮/૨૦૨૩ કલાક ૭/૩૦ વાગ્યા પહેલા પાલડી અંજલી ચાર રસ્તા જય અંબેનગર પેટ્રોલ પંપ સામેથી ત્યજી દીધેલ ભૃણ મૃત હાલતમાં મળી આવતા પાલડી પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.સી.પરમાર ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૩૦૯/૨૦૨૩**

**ઓઢવ**ઃ ઈશ્વરસિંહ ભવાનસિંહ દરબાર (રહે. સૌજન્ય એપાર્ટમેન્ટ એપ્રલપાર્ક મેટ્રો સ્ટેશનની બાજુમાં ખોખરા) તા.૦૯/૦૮/૨૦૨૩ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ સીંગરવા ત્રણ રસ્તા ખાતે આવેલ સહજાનંદ મોબાઈલ નામની દુકાન આગળ પોતાની કારમાં બેઠા હતા ત્યારે એક અજાણ્યા પુરૂષે કાર નજીક આવી કહેલ કે તમારી ગાડીમાંથી ઓઈલ નિકળે છે તેમ કહેતા ઈશ્વરસિહ કારમાંથી નિચે ઉતરી જોવા ગયા હતા દરમ્યાન અજાણ્યા પુરૂષે દરવાજો ખોલી કારમાંથી લેપટોપ બેગ ચોરી કરી લીધી હતી. જેમાં લેપટોપ કિમત રૂપિયા ૩૫,૦૦૦/-, ચાંદીના સીક્કા નંગ-૩ કિમત રૂપિયા ૯૦૦/-, અસલ પાસપોર્ટ તેમજ જરૂરી દસ્તાવેજ હતા.  આ અંગેની ફરીયાદ ઈશ્વરસિહ દરબાર એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.આર.ક્રિશ્ચન ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૩૧૦/૨૦૨૩**

**વાસણા**ઃ લેલીંગભાઇ સ/ઓ ખીમાભાઇ પરમાર (ઉ.વ.૩૦) (રહે. ગણેશનગર ઔડાના મકાન ભાઠાગામ વાસણા) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૮/૨૦૨૩ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને ડો.જીવરાજ મહેતા હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર જાહેર કર્યા હતા. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રસિંહ પ્રતાપસિંગ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી